અપીલ અરજી નં.૨૬૯તા.૨૯–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી ચેતન કાંતીલાલ નાવડીવાલા
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,(સેન્ટ્રલ ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચેતન કાંતીલાલ નાવડીવાલાની તા.૨૮–૧૧–૦૮ની અરજીથી બેગમપુરા ભટ્ટીશેરી તીરૂપતીભવનના ઘર નં.૪/૨૧૦ વાળી મિલ્કતમાં ટવીસ્ટીંગ મશીન ચાલુ કરેલ છે જે ગૃહઉધોગમાં આવે કે ઈન્ડ.ઉધોગમાં? તેમજ સદર મશીન ચાલુ કરવા માટે બીપીએમસી એકટની ૩૧૩ મુજબ મંજુરી આપી છે કે કેમ? જો ગૃહ ઉધોગમાં નહીં આવતું હોય તો બંધ કરાવશો વિગેરની માહિતી આપવા બાબત

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૨૯–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૬૯/૨૦૦૮–૦૯

શ્રી ચેતન કાંતીલાલ નાવડીવાલાની તા.૨૮–૧૧–૦૮ની અરજીથી બેગમપુરા ભટ્ટીશેરી તીરૂપતીભવનના ઘર નં.૪/૨૧૦ વાળી મિલ્કતમાં ટવીસ્ટીંગ મશીન ચાલુ કરેલ છે જે ગૃહઉધોગમાં આવે કે ઈન્ડ.ઉધોગમાં? તેમજ સદર મશીન ચાલુ કરવા માટે બીપીએમસી એકટની ૩૧૩ મુજબ મંજુરી આપી છે કે કેમ? જો ગૃહ ઉધોગમાં નહીં આવતું હોય તો બંધ કરાવશો વિગેરની માહિતી આપવા બાબતે પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, ફી ભર્યાના આધાર કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૩ તા.૨–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,(સેન્ટ્રલ ઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૪૩ તા.૧૬–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં બેગમપુરા ભટ્ટીશેરી તીરૂપતીભવનના ઘર નં.૪/૨૧૦ વાળી મિલ્કતમાં ટવીસ્ટીંગ મશીન ચાલુ કરેલ છે જે ગૃહઉધોગમાં આવે કે ઈન્ડ.ઉધોગમાં? તેમજ સદર મશીન ચાલુ કરવા માટે બીપીએમસી એકટની ૩૧૩ મુજબ મંજુરી આપી છે કે કેમ? જો ગૃહ ઉધોગમાં નહીં આવતું હોય તો બંધ કરાવશો વિગેરની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આ.નં.૧૧૨૩ તા.૨–૧–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે અનુસાર નિર્દિષ્ટ મિલ્કતે ચાલતું જરીકામ ગૃહ ઉધોગમાં આવે છે તથા સદર મિલ્કતે બીપીએમસી એકટ કલમ ૩૧૩ મુજબ મંજુરી આપેલ નહીં હોવાની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૮–૧૧–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતું ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

મુળ અરજી તથા અપીલના તબકકે અરજદારે રજુ કરેલ કાર્યવાહી હાથ ધરવાની બાબત આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યાના વ્યાપની બહાર હોઈ તે અંગે અત્રેની કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશનર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ માટે
(૨)શ્રી ચેતન કાંતીલાલ નાવડીવાલા,